શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-**આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની**

**પાઠશાળા**

પુસ્તક : ૨૭ જાન્યુઆરી- ૨૦૦૨

પોષ : વીર સં.૨૫૨૮ : વિક્રમ સં. ૨૦૫૮

# અતિરેક અભાવને નોંતરે છે

વિકસતા યુગમાં પણ મકાન ઈંટ-સીમેંટનાં બને છે. ઈંટ અને ઈંટને જોડવાનું કામ સીમેંટ કરે છે. ઈંટને અને સીમેંટને જોડવાનું કામ પાણી કરે છે. આ પાણી વિના એ જોડાણ શક્ય નથી; પણ જો તેમાં પાણીનું પ્રમાણ વધી જાય તો પણ એ જોડાણ શક્ય ન બને. તે તો પ્રમાણસર જ જોઈએ. ફૂલથી ઝૂમતાં છોડને, ફળથી લચી પડતા વૃક્ષને ઊગવા માટે; બીજને અંકુર બનવા માટે માટીની જેમ પાણીની જરૂરત રહે જ. પણ તે માપસર અને માફકસર જ હોવું જોઈએ. પાણીથી છોડ પાંગરે છે માટે એને પાણી આપ્યા જ કરો તો જેનાથી જીવન મળવાનું છે તેનાથી જ જીવન સમાપ્ત થઈ જાય, માટે એ પ્રમાણસર જ જોઈએ. અતિ ન જોઈએ. એ જ પ્રમાણે જીવનના હરકોઈ ઘટકોમાં પ્રમાણભાન જળવાવું જોઈએ.



ઊંચાઈનો અતિરેક,
લાલસાનો અતિરેક,
રાજકરણનો અતિરેક,
ભોગ-વિલાસ-વિકાસનો અતિરેક,
આકાશને આંબી જવાના આ અતિરેકની જગ્યાએ હવે ખાલીપો છે !!
ખરેખર ! અતિરેક સર્વત્ર ટાળવા જેવો છે.

આજે લગભગ સર્વત્ર અતિરેકની બોલબાલા છે. પછી તે લગ્ન-પ્રસંગના ભોજન- સમારંભની વાત હોય કે નાનાં દીકરા-દીકરીની વેશભૂષાની વાત હોય ! જરૂરથી વધારે વાત્સલ્ય પણ અહિત કરે છે. કહેવતમાં કહ્યું છે કે ઝેર પણ માપસર હોય તો તે ઔષધ છે અને અમૃત પણ માપથી વધુ હોય તો ઝેર છે. અતિરેક સર્વત્ર ટાળવા જેવો છે.

— પ્રદ્યુમ્નસૂરિ

# દાદાના અભિષેક : એક સ્મરણયાત્રા

> ***"સાવધાન થઈ સાંભળો ! રાખી મન થિર ઠામ"*** પૂજ્યશ્રીની સ્મૃતિ-મંજુષા સમૃદ્ધ છે. એમાં એમણે અનુભવેલા અને હૃદયસ્થ કરેલાં પ્રસંગ-પુષ્પો પારાવાર છે. પાંચ-પાંચ વર્ષથી એ અણમોલ ખજાનામાંથી આપણને ફૂલ-પાંખડી આપતાં રહ્યાં છે. એની સુવાસ પણ આપણાં અસ્તિત્ત્વમાં પ્રસરી છે. વાચકોના પત્રો અને પ્રતિભાવ એનું પ્રમાણ છે.
>
> હવે, વગડાઉ જૂઈની સુગંધ પ્રસરાવતાં, દાદા આદીશ્વર ભગવાનના અભિષેક-પ્રસંગ ક્રમશઃ વિગતે આપી રહ્યાં છે. શાસ્ત્રીય સંગીતમાં, વિલંબીત-મધ્ય-દ્રુત એમ ત્રણ લયમાં કુશળ ગાયક એની ગાયકી રજુ કરે તેમ, આ અંકમાં, ગિરિરાજ આસપાસ વિચરતાં પૂજ્યશ્રીનું વ્યથિત મન જે અજબ તૈયારી કરી રહ્યું હતું એ અહીં વિલંબીત લયમાં વિગતે રજુ કર્યું છે.

વિ. સં. ૨૦૪૪ ના જેઠ - અષાઢના દિવસો આજે યાદ આવી ગયા અને તે દિવસોના સુખદ સંભારણાં મનને વીંટળાઈ વળ્યાં; હૃદયમાં હરખની હેલી વરસી પડી ! મન હરખથી છલ્-છલ્ થઈ ગયું ! મોં મરક મરક બની ગયું ! કેવી મજા આવી તી ! આપાદ-મસ્તક બસ મજા જ મજા ! ચૌદ-ચૌદ વરસ પછી પણ તે પ્રસંગની તાજપ એટલી ફોરે છે. વગડાઉ જૂઈની સુગંધની જેમ એ અવસરની સોડમ સ્હેજ પણ કરમાઈ નથી, જૂની થઈ નથી. તેને કાળની રજ ચોંટી જ નથી. શાશ્વતીની મુદ્રાથી અંકિત થઈ જાય તેને કોણ શું કરી શકે ? સ્મૃતિ-મંજુષામાંથી જ્યારે-જ્યારે પણ બહાર કાઢું ત્યારે તરો-તાજી સુગંધ પ્રસરાવતા એ પ્રસંગોની નોળવેલ સૂંઘી લઉં અને ફ્રેશ થઈ જાઉં !

વાત છે, સિદ્ધગિરિરાજના ત્રણ જગતના શિરતાજ દાદા આદીશ્વરના અભિષેકની. પણ એ વાત માંડીને - ઠરીને વિગતે કરવી છે. મનગમતા માણેલા એ આનંદની લ્હાણ આજે મારા પ્રિય વાચકોને કરવી છે.

***"સાવધાન થઈ સાંભળો ! રાખી મન થિર ઠામ"***

વિ. સં.૨૦૪૪ માં રાજનગર - અમદાવાદમાં વૈશાખ મહિનામાં અનેકાનેક આચાર્ય ભગવંતો ભેળા થયા; સંમેલન થયું. જીવનના યાદગાર અનુભવોનું ભાતું એ દિવસોમાં બંધાયું.

ચોમાસું ગિરિરાજની શીતળ છાયામાં કરવાનું હતું. વિહાર તો કરવાનો હતો પણ વિ. સં. ૨૦૪૧ - ૪૨ અને ૪૩ ના દુકાળની ડરામણી પરિસ્થિતિએ ગુજરાત-સૌરાષ્ટ્ર અને કચ્છને ભરડો લીધો હતો, રોજ સવાર પડે ને ઝેરોક્ષ-કોપી જેવો એવો ને એવો સૂર્ય પૃથ્વીની ખબર લેવા આવી જતો તો ! - કહો કે દાઝેલાને વધુ દઝાડવા આવતો હતો ! તેને જોઈને દાઝ ચડે તેવી ચઢાઈ કરીને આવતો હતો. ક્યાં યે બહાર નીકળવા મન તૈયાર થતું ન હતું પણ જ્યાં અનિવાર્યતા હોય - વિકલ્પ હોય જ નહીં, ત્યાં તો સ્વીકાર જ સદ્-ઉપાય છે.

વિહાર તો કર્યો પણ જ્યાં કલિકુંડ તીર્થથી આગળના મુકામો શરૂ થયા, ત્યાંથી તો ભોમ અને વ્યોમ બન્ને શેકવા માટે સંપીલાં બની ગયાં હતાં. કોઠ છોડીને ગુંદી - ખડોળ પહોંચ્યા, ત્યાં તો મનમાં થયું કે : ક્યાં અહીં આવ્યા ? આ ભાલ, આ દુકાળ ને આ કાળો ઉનાળો, સરવાળો માંડીએ તો, તાપ-પરિતાપ અને સંતાપ જ જવાબમાં આવે. આવા ગામમાં આવા દિવસોમાં ફરીથી ન આવવું પડે તો સારું. રમૂજ ખાતર એક જોડકણું પણ જોડાઈ ગયું. એ જોડકણું આમ છે :

ઇતર ગામ હજાર ભલે કહો,
ચઉ દિશે હસતા મુખથી જાઉં;
અપિતુ ગુંદી ખડોળ ચ ફેદરા
શિરસિ મા લિખ, મા લિખ, મા લિખ.

ગુંદીથી ફેદરા અને ફેદરાથી બીજે દિવસે વહેલી સવારે વિહાર કર્યો. દિવસો ઉનાળાના, ગામમાંથી નીકળી પેલી ટાંકી પાસેના રોડ પર આવ્યા ત્યાં તો અજવાળું થઈ ગયું, સાથે તાપ પણ ! વેરાન વગડાની વાટ તો કેમ કરીને ખૂટે જ નહીં.

આ રસ્તેથી તો ઘણી વાર આવવા-જવાનું થયું છે પણ આ વખતે આ રસ્તો જેવો લાંબો લાગ્યો તેવો પહેલા ક્યારે ય લાગ્યો નથી. જાણે કેટલું બધું ચાલ .. ચાલ કર્યું પણ શે ગામ આવે નહીં ! ગામ તો ભડકલું થતા-વેંત દેખા દેતું હતું પણ આવે નહીં. આ એવો અફાટ રણ જેવો રસ્તો છે કે વચ્ચે ન તો કોઈ ગામ આવે, ન ઝાડ આવે, ન ઢોર મળે, ન માણસ મળે. આવામાં કોઈ તો કૂતરું મળે ને, તો ય સારું લાગે ! આવા સાવ સૂના-સૂના ને ભેંકાર ભાસતા રસ્તામાં એક મળે - મળ્યા કરે ! કોણ ? તે કહું ! કાળા કાળા ધૂમાડા ઓકતા ખટારા મળ્યા કરે ! જાણે પોતાની મરતી માના મોંમાં ગંગાજળ મૂકવા ન દોડતા હોય ! --એવા વેગથી દોડતા, ઘોંઘાટનો ઢગલો કરતા જોવા મળે અને આપણાં મનને વધુ બેચેન બનાવે. કાળી, લાંબી સડક પર ચાલતાં ચાલતાં, નિશાળમાં નાની વયે ભણેલી પેલી કવિતાની લીટી યાદ આવી ગઈ. એ ગણગણતાં રસ્તો કંઈક ઠીક ચલાયો ! લાંબા છંદમાં (શિખરિણી) લખાયેલી કવિતાની લીટીઓ આમ છે :

**ઉનાળાનો લાંબો દિવસ, સરતો મંથર ગતિ,**
**રહ્યા જાણે વાંચી, અપ્રિય કવિની નીરસ-કૃતિ;**
**અભિપ્રાયાર્થે વા કથની ઊગતા લેખકની,**
**પરાણે વા જોવું પડતું પ્રૂફ, જેમાં ભૂલ ઘણી.**

માંડ માંડ ખડોળ પહોંચ્યા. ત્યાંથી ધંધૂકા, બરવાળા થઈને વલ્લભીપુર આવ્યા. સૂકો-ભંઠ ભાલ ઓળંગી ગયા - અહીં હવે જરા હાશ થઈ. પછી આવ્યું સિહોર. ત્યાંથી ત્રણ રસ્તા હતા. પાલિતાણા તો ચોમાસા માટે જવાનું હતું જ. બાકી બે રસ્તા - ભાવનગર અને મહુવા. ગરમ-ગરમ લૂથી તપેલા તો હતા જ. એટલે શીળી છાયાની શોધ માટે મહુવા સાંભર્યું અને મહુવાની દિશામાં ડગ માંડ્યા.

તળાજા સુધી તો ત્રાહિમામ્ થઈ જવાય તેવી ગરમી જ લાગી. તળાજાથી સાંજે વિહાર કરવો પડે તેમ હતો તેથી નીકળ્યા તો ખરા, પણ ચારે બાજુ - ઉપર નીચે, આજુ- બાજુ બધેથી ગરમી જ ગરમી. આંખને સાતા આપે એવાં ઝાડ પણ ન દેખાય. રસ્તા પર અમે એકલા જ હતા.

તળાજાની ટેકરી પાસેથી નીકળ્યા ત્યારે એક બાજુ વાડીના ઊંચા ઊંચા પર્ણ-વિહીન દિગંબર વૃક્ષો અને બીજી બાજુ પથ્થરિયો પહાડ - એ બન્ને જોયા ત્યારે એમ લાગ્યું કે જાણે કવિ જયંત પાઠકે અહીં રહીને જ જાણે એ પંક્તિ ન રચી હોય તેવી બંધબેસતી એ બે લીટી સ્મૃતિ-મંજુષામાંથી બહાર ધસી આવી.

"જપમાં ઊભાં ઝાડ અને આ તપમાં બેઠા પહાડ,
ચકલું યે ના ફરકે જાણે ધોળે દિવસે ધાડ."

દાઠા - વાલાવાવ થઈને અમે મહુવા પહોંચ્યા. મહુવામાં તો સાચે જ શીતળતાનો અનુભવ થયો. માલણ નદીના કાંઠે ઘેઘૂર વૃક્ષોની હારમાળા, ઊંચી નાળિયેરીના ઝૂંડ જાણે અમને આવકારી રહ્યા હતા.ઘેરી છાયા પાથરતી, ચીકુની ઘટ્ટ વાડીઓની ગાઢ ઠંડક માણવા જાણે ત્યાં જ બેસી જવાનું મન થઈ જાય ! અને આંબા-આંબાવાડીઓ જોઈને તો કવિ નાનાલાલની પંક્તિ ત્યાં યાદ આવી ગઈ :

"જાણે ટોળે વળેલી સહિયર રમતી
આમ્રની એવી કૂંજે."

મહુવામાં પૂરા વીસ દિવસ રહ્યા. તાપ અને થાક બન્ને ઉતાર્યા. જીવિતસ્વામી મહાવીર પ્રભુનું અને શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજનું શીતળ સુખદ સાન્નિધ્ય આત્મસાત કરી માણ્યું.

ત્યાં રહ્યા ત્યાં સુધી બધું ભૂલી ગયા પણ જેવું મહુવા છોડ્યું -- છોડવાનું તો હતું જ, આગળ કોઈને વચન આપ્યું હતું ને ! -- ત્યારે પેલી લીટી મનમાં રમતી હતી :

*"ધ વુડ્ઝ આર લવલી ડાર્ક ઍન્ડ ડીપ ..."*

સુંદર શ્યામ વનમાં રોકાવું પરવડે તેમ ન હતું તેથી મહુવા છોડ્યું. કુંભણ થઈને જેવા સેદરડા ગામે આવ્યા એટલે એરકંડિશન્ડ રૂમમાંથી બહાર આવીએ અને સંતાપ જન્માવે એવા તાપનો અનુભવ થવા માંડે એવું લાગવા માંડ્યું. જ્યાં જઈએ ત્યાં, જે મળે તેની પાસે એક જ વાત. બધા પાસે વાત કરવાનો વિષય માત્ર એક જ, વરસાદ ક્યારે આવશે. બધાની નજર એક જ જગ્યાએ અટકેલી રહેતી. આકાશને જુએ તો કોરૂકટ લાગે અને ધરતી પણ કોરીકટ ! વ્યોમ અને ભોમ કોરાં તો તેનાં છોરાંના કલેજાં પણ કોરાં ! દુકાળ તો પડે છે, પણ આવા વસમા દહાડા કોઈ વેરીને પણ કોઈ ન દેખાડે.

છાપરીયાળી ગામે પહોંચ્યા તો ત્યાંની પાંજરાપોળના હજારો પશુઓના ભાંભરડા સંભળાતા રહ્યા.

**" બોલી શકતાં નથી બિચારાં, સંભળાવે શી રીતે ?**
**હાથ લંબાવી શકતાં નથી, તે માંગે કઈ રીતે ?**
**અશ્રુ ટપકતી ભોળી આંખે, ચારેકોર નિહાળે,**
**કોઈ અમારા આંસુ લૂછે, કષ્ટો કોઈ નિવારે. "**

જ્યારે અમે જેસર-દેપલા થઈને સાવ સૂક્કીભઠ અને નર્યા કંકરથી ભરેલી શેત્રુંજી નદીના કાંઠે પહોંચ્યા ત્યારે તો આજુબાજુનું બધું સૂકું, નીરવ, નિર્જન તથા ભૂખ્યું-તરસ્યું ને લુખ્ખું લાગ્યું. રસ્તો તો કેમે ય કરી ખૂટે નહીં. વચ્ચેના એક ગામે થઈને જેવા ઘેટી પહોંચ્યા કે ત્યાંના ખેડૂતો અમને જોઈને, ઘણા વખતથી મનમાં કોઈ વાત દબાઈને પડી હોય અને તેને બહાર કાઢવાની રાહ જોતાં હોય, કહેવા-પૂછવા જોગ કોઈ મળે અને નીકળી જાય તેમ ચોરે બેઠેલા બધા એકી સાથે બોલી ઊઠ્યા : "હેં મહારાજ ! આ મેહ કે દિ આવશે ?

કહેવતમાં કહ્યું છે ને કે **"મગસરના મેહ અને આદરાનાં વાવણાં"** પણ આ મગસર (મૃગશીર્ષ નક્ષત્ર) તો હાલ્યો અને આદરા (આર્દ્રા નક્ષત્ર) આ સામે દેખાણાં, પણ ટબુડી ભરાય એટલા છાંટા યે નો ભાળ્યા.

અમે ઘેટી ગામના ઉપાશ્રયે પહોંચ્યા, પણ પરિથિતિનો ચિતાર આંખ સામેથી ખસતો ન હતો. મનમાં પંક્તિઓ ઉભરાવા લાગી. વેદનાથી હૃદય વલોવાતું હતું. આ વલોપાત પૃથ્વી

છંદમાં બંધાઈને આમ ઊતરી આવ્યો :

**હવે પવન પેખીને હૃદય ખેદ વ્યાપી રહ્યો !**
**ગયા અ-જળ હાય ! રે ! મગસરા અને આદરા**
**વદે કૃષક હા ! પ્રભો ! અકળ વેળશી આ બની !**
**કયા જનમના કર્યાં અગણ પાપ આજે ફળ્યા !**
**જનાવર, શિશુ અને અબળ વૃદ્ધ શેં ઝૂઝશે !**
**જલાર્દ્ર પૃથિવી નહીં, મનુજ જંતુડા શું કરે ?**
**સફેદ ઢગ રૂ તણાં, રખડતાં દીસે વાદળાં;**
**અને સૂસવતો વહે પવન ડાકલાં વાગતો.**

બે દિવસ ઘેટી રહીને પાલિતાણા પહોંચ્યા. મન તો ઉચક જ રહેતું હતું. ચોમાસાનો પ્રવેશ તો કર્યો ! પણ આ ચોમાસું ક્યાં હતું ? હતો માત્ર ઉનાળો જ ઉનાળો. મનમાં ઉનાળાના વર્ણનો યાદ આવતાં રહ્યાં. પૂજ્ય જંબૂવિજય મહારાજ વીશા-નિમા ધર્મશાળામાં હતા. રોજ-રોજ એમનું સાનિધ્ય પામવા, અભ્યાસનો દોર શરૂ થયો. ભગવતી સૂત્રની વાચના પણ શરૂ થઈ પણ મન કોઈ અક્ષરોમાં ચોંટે નહીં, આકાશમાં ભટક્યા કરે. એક વાર ભરબપોરે બધું સુમસાન હતું. અગનઝાળની જેમ બધાને દઝાડતો સૂરજનો ગોળો એકલો આકાશમાં હતો. એ જોઈને વળી એક પંક્તિ હોઠે આવી ઊભી :

**" પવન હાલે નહીં, પંખી બોલે નહીં**
**સર્વ સૂતાં જઈ વૃક્ષ ખોળે**
**એકલો એક આ પૃથ્વીને તાપતો**
**સૂર્ય નિજ સકળ કળાએ જ કૉળે. "**

ચાલુ પાઠની પંક્તિઓમાં મન લાગે નહીં તેથી એક વાર જંબૂવિજયજી મહારાજે પૂછ્યું : શું વિચાર કરો છો ?

મેં કહ્યું મહારાજ ! જુઓ ને છાપાંના સમાચાર કેવા આવે છે ! પાંજરાપોળો ઉભરાય છે. પાણીનો દુકાળ, દયાનો દુકાળ, સર્વત્ર હાહાકાર છે. આપણે કાંઈ કરી ન શકીએ ?

તેઓ કહે : શું કરી શકાય !

મેં કહ્યું : પૂર્ણ સમર્પણભાવથી, ભક્તિ-ઉલ્લાસથી દાદાના અભિષેક કરવામાં આવે તો પુણ્યોદય જાગૃત થાય. **ક્ષેમં ભવતુ સુભિક્ષં** એવું તો આપણે ત્યાં બોલવામાં આવે જ છે.

તેઓ કહે છે : હા ! દાદાના અભિષેક કરાવવા જ છે.

મેં કહ્યું : ક્યારે ?

જવાબ મળ્યો : કારતક પૂનમ પછી.

મેં પૂછ્યું : અત્યારે નહીં ?

વળી જવાબ મળ્યો : અત્યારે પાલિતાણામાં આચાર્ય મહારાજો ક્યાં છે ?

મેં કહ્યું : આ અનુષ્ઠાન કરવાનું છે તેની જરૂરત અત્યારે છે ને ...? !

કહે : મને કશી ગતાગમ પડતી નથી !

મેં કહ્યું : અનુષ્ઠાન સંબંધી બધી જવાબદારી હું સંભાળી શકીશ.

તો કહે : ભલે ! ગોઠવવા કોશિશ કરીએ.

—પ્રદ્યુમ્નસૂરિ

(**સ્મરણયાત્રા** આગળના અંકમાં ક્રમશ: ચાલશે. . . .)

જીવનને જીવંત બનાવતું કાવ્ય

# પ્રતિપદા

**શિખરિણી : સોનેટ**

**અમાસે ડૂબેલા તિમિર - ભરતીમાં જગતને,**
**થતું કે હાવાં તો મરણ વિણ આરો અવર ના;**
**ઉતારો કે તારો નહિં ક્યહીં કિનારો નજરમાં,**
**હવે તો હોડીની કબર બનવાની જલધિમાં.**

**ત્યહીં અંધારાના જલથી જગ ઉદ્ધાર કરવા,**
**પ્રભુએ નાખીને ગલ શું શશીનો હોડી જગની;**
**તણાતી રોકીને અતલ તમના સાગર થકી,**
**કિનારે પહોંચાડી જ્યહીં વિલસતી પૂનમ હતી.**

**પછી જાણ્યું સૌએ તિમિર ચડતું ને ઊતરતું,**
**રહે છે નિત્યે, તો ક્યમ ઉર નિરાશાથી ભરવું ?**
**ખીલેલી જ્યોત્સ્નામાં કુમુદ વીણવા પાલવ ભરી,**
**અમાસે તારાઓ વીણી વીણી લઈ ઝોળી ભરવી.**

**તને હો પૂજશું , નમણી સખી ! પંચાંગુલિ થકી,**
**અમોને આશા ને બલ અરપજે, હે ! પ્રતિપદા !**

**સુન્દરમ્**

(૨૨ માર્ચ૧૯૦૮--૧૩ જાન્યુ.૧૯૯૧)

**(યાત્રા : પાના - ૭ : મે - ૧૯૩૮)**


પ્રતિપદા

જીવનને જીવંત બનાવતું કાવ્ય


## જીવનને જીવંત બનાવતું કાવ્ય

વિવિધ ઉપનામ ધરાવતા ઘણા ગુજરાતી કવિઓ છે. તો, ઉપનામ જ જેમનું નામ બની ગયું હોય તેવા પણ એક કવિ છે અને તે કવિ એટલે સુન્દરમ્. (એમનું મૂળ નામ બહુ ઓછા જાણતા હશે : ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર) એમનું આ જ નામ બની ગયું છે; એટલે સુધી કે તેમના સુપુત્રી સુધા બહેને પણ એ જ નામ પિતાજીના નામ તરીકે સ્વીકારી લીધું અને - સુધા સુન્દરમ્ નો બધે વ્યવહાર રાખ્યો.

એ સુન્દરમ્ નાં કાવ્યો ઉમાશંકર જોષીનાં કાવ્યોની સમાંતર જ ગવાતાં અને વખણાતાં હતાં. આથી કો કે ઉમાશંકરને કહેલું કે તમે બન્ને અનુષ્ટુપમાં બરાબર શોભો છો : “ઉમાશંકર સુન્દરમ્”.

આ સુન્દરમ્ કવિના એક પ્રસિદ્ધ સોનેટની વાત આજે કરવી છે. આ કાવ્ય તેની પાછળની એક નાનકડી કથાના કારણે પણ વધુ જાણીતું બનેલું છે.

વાત એવી હતી કે, મધ્યમ વર્ગનો એક વેપારી ભાઈ ખૂબ જ આર્થિક ભીંસના કારણે હતાશ થઈ ગયેલો અને દુઃખી જીવનનો અંત લાવવાની ઈચ્છાથી પોતાના ગામથી અમદાવાદ આવ્યો હતો. સ્ટેશન પર ઊતરીને મનમાં ઘાટ ગોઠવતો હતો કે આ મુરાદ પાર કેમ પાડવી ! ત્યાં ભૂખનો અનુભવ થયો. થયું, લાવ થોડું ચવાણું ખાઈને પછી તેનો વિચાર કરું. એટલે એક દુકાનેથી ચવાણું લઈ, નજીકની રેવાબહેનની ધર્મશાળાના ઓટલે ચવાણું ખાવા આ ભાઈ બેઠા. ચવાણું ખાતાં ખાતાં માનવ-સહજ વૃત્તિથી પ્રેરાઈ, એ ચવાણું જેમાં બાંધીને આવ્યું હતું એ કોઈ ચોપડીનું પાનું હતું અને આ કાવ્ય એમાં છપાયેલું હતું, એ અક્ષર પર સ્હેજે નજર ઠરી. અગિયાર અને બારમી પંક્તિ વાંચતાં તો જાણે મનમાં હલચલ મચી ગઈ ! ભાઈ ભણેલા તો હતા જ. અત્યારના સંજોગો

એવા હતા કે જીવનના ચિદાકાશમાં પૂર્ણિમાનો પ્રકાશ નહીં પરંતુ અમાસનાં અંધારાં ફેલાયેલાં હતાં.

પૂનમમાં પાલવ ભરીને પોયણાં વીણવાનાં છે તો અમાસમાં પણ તારા મઢ્યા આકાશમાંથી તારાઓને  વીણી વીણી, એ તારાથી ઝોળી ભરવાની છે. એ વાત મર્મસ્થળમાં સ્પર્શી ગઈ અને વિચારની દિશા બદલાઈ ગઈ. આ શબ્દોથી મનમાં આશા અને બળનો સંચાર થયો. મન ઉત્સાહથી છલકાયું અને સવળા કામે લાગી ગયું.

આ ઘટનાથી આ કાવ્યની કિંમત તો હતી એટલી જ રહી પરંતુ એનું મૂલ્ય વધી ગયું ! (પ્રાઈસ એ કિંમત અને વેલ્યુ તે મૂલ્ય.) કાવ્યની સાર્થકતા સિદ્ધ થઈ.

હવે આપણે કાવ્યની એક-એક પંક્તિને મમળાવી એનો આસ્વાદ લઈએ. પંક્તિઓ સરળ છે. સ્હેજ શિખરિણી છંદના લય-લહેકાથી પાઠ શરૂ કરીએ એટલે એનો અર્થબોધ સુગમતાથી થવા લાગશે.

પ્રથમ ચાર પંક્તિમાં અમાસનું વર્ણન છે. દરિયામાં હોડી જઈ રહી છે પણ ગાઢ અંધારાને કારણે હોડી ચાલશે નહીં અને જળ-શરણ થશે, એની કબર ત્યાં જ ખોડાશે એવું લાગે છે.

બીજી ચાર પંક્તિમાં પૂનમની વાત આવે છે. આકાશમાં ચંદ્ર આવ્યો ... ના, ના, તણાતી હોડીને રોકવા જાણે હોડીરૂપી માછલીને આકર્ષવા ગલ નાખ્યો છે ! એટલે કે જલથી ઉદ્ધાર કરવા જ આ ચન્દ્ર આવ્યો અને અતલ તમ - અંધકારના સાગરમાંથી ઉગારીને હોડીને કિનારે પહોંચાડી દીધી.

હવે નવમી પંક્તિથી નવલી વાત શરૂ થાય છે. દુઃખ અને સુખની આ ઘટમાળ એ જ જિંદગી છે. નિત્ય-રોજ-હંમેશા અંધારાં આવે છે અને ઉલેચાય છે. (રાત પછી દિવસ ઊગે જ છે, એમ !) તો મનને નિરાશાથી શા માટે ભરવું ? જ્યારે સુખના પૂનમની જ્યોત્સ્ના - ચાંદની ખીલે ત્યારે પાલવ ભરી ભરીને પોયણાં-કુમુદ વીણી લેવાં. (પરોપકાર કરી લેવો.) અને જ્યારે દુઃખની અમાસ આવે ત્યારે નાના નાના ટમટમતાં તારલિયા વીણીને ઝોળી ભરવી. (પ્રભુનું નામ લઈને બળ મેળવવું.)

પૂનમ પછીની તિથિ અને અમાસ પછીની તિથિ - બન્નેને પ્રતિપદા - એકમ - પડવો કહેવાય છે. એ નમણી પ્રતિપદાને કવિ કહે છે કે તને પણ પાંચે આંગળીએ પૂજીશું. તું અમને આશા અરમાન અને બળ આપજે.

એ રીતે, આ સોનેટનો મહિમા, સાહિત્યનું પ્રયોજન શું ? - એ પ્રશ્નના ઉત્તમ ઉત્તરના નમૂના રૂપે કરવાનો છે. જો આ જીવંત શબ્દો દ્વારા કોઈમાં જીવંતતા આરોપિત થતી હોય તો એથી વધુ રૂડું શું જોઈએ ! આપણે પણ એ પ્રતિપદાને આવકારીએ; દર પંદર દિવસે તું અચૂક આવજે ! જરૂર આવજે !

— પ્રદ્યુમ્નસૂરિ


**વર્ષ ૫ : અંક ૪**

***પાઠશાળા*** (પાંચ વર્ષના રૂ. ૧૨૫.૦૦ - સ્વૈચ્છિક)

**પંચસૂત્ર -સચિત્ર સૂત્રપાઠ પુસ્તિકા** (મૂલ્ય : રૂ.૫૦.૦૦+૧૦.૦૦) તથા

**શ્રી શત્રુંજય તીર્થની કળામય પ્રતિકૃતિ** (મૂલ્ય :દશ નકલના રૂ. ૬૦.૦૦+રવાનગી ખર્ચ)

મેળવવા તથા આ અંગે વધુ જાણકારી માટે નીચેના સ્થળોએ પણ સંપર્ક કરી શકાશે.

સંદીપભાઈ શાહ, ૪૦૨-જય એપાર્ટમેન્ટ; ૨૯-વસંતકુંજ સોસાયટી; શારદા મંદિર રોડ; પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭ ફોનઃ ૬૬૩૪૦૩૭

ચીમનભાઈ દોશી, ૪૧-કાપડિયા ચેમ્બર્સ; ૫૧-દેવજી રતનશી માર્ગ; કર્નાક બન્દર; મુંબઈ - ૪૦૦૦૦૯ ફોનઃ ૫૧૧૩૦૩૭

# વાત્સલ્ય : વૃદ્ધત્વની શ્રેષ્ઠ શોભા

વિસર્ગ કાળ અને આદાન કાળ - આવા બે શબ્દ ઋતુઓ માટે આયુર્વેદમાં વપરાયા છે. શિયાળો આદાન કાળ. આદાન એટલે ગ્રહણ કરવું. બાકી વિસર્ગ કાળ. વિસર્ગ એટલે વિસર્જન - વહેંચવું. આ બન્ને શબ્દો જીવનના સંદર્ભમાં આજે જોવા છે.

શૈશવ અવસ્થા એ જીવન-તત્ત્વનો આદાન કાળ છે. બાળક જન્મે ત્યારથી માતાથી શરૂ કરીને કેટકેટલાના વાત્સલ્યના અમીનું આકંઠ પાન તે કરે છે, કરતો રહે છે અને તેનાથી તે પુષ્ટ થાય છે. “નેહ નજર નિહાળતાં વાધે બમણો વાન” એ ઉક્તિ મુજબ સ્નેહભીની નજર વાનને-શરીરને વધારે છે અને બાળક વૃદ્ધિ પામે છે. આ કાળ આદાનનો એટલે કે ગ્રહણ કરવાનો કાળ છે. એની વય વધતાં એ વૃદ્ધ થતાં તેનો વિસર્ગ કાળ, એટલે દાન કરવાનો - વિસર્જન કરવાનો કાળ શરૂ થાય છે. જે વાત્સલ્યના અમૃત એણે ખોબે ખોબે પીધાં હતાં; જે રીતે વાત્સલ્યના અમૃતનો ભંડાર ભર્યો હતો, તે હવે લૂંટાવાનો અવસર છે. વૃદ્ધાવસ્થા એ વહાલ વરસાવવાનું નક્ષત્ર છે. જે જે મળે તેને પ્રેમપૂર્વક હેતપૂર્વક વહાલપૂર્વક બોલાવવા. પૂછવું - કેમ છો ! સારું છે ! અમી નીતરતી આંખે જોઈ, પ્રેમભીની જીભથી વહાલનું દાન કરવાનું. એમ વૃદ્ધત્વને શોભાવવાનું છે. વાત્સલ્યના દાનથી વૃદ્ધત્વ શોભે છે - શાલીન બને છે. આવા વૃદ્ધ-જનને સહુ આવકારે છે. અને આ રીતે તે કરજમુક્તિ - ઋણમુક્તિ અનુભવે છે. ઋણ મુક્તિનો આથી વધુ સારો બીજો મારગ કયો મળે ! જે લીધું તે વ્યાજ સાથે નિર્વ્યાજપણે દીધું. વૃદ્ધત્વ પણ આમ ઊજળું બને છે.

બોખું અને કરચલીવાળું મોં સ્મિતથી મઢ્યું-મઢ્યું કેવું નરવું સુંદર અને સોહામણું લાગે ! દાદા દેવસૂરિ મહારાજ છેલ્લા વરસોમાં એ રીતે વાત્સલ્યનો ધોધ વરસાવતા જ રહ્યા. પાત્ર-અપાત્રના ભેદ વિના તેઓએ વાત્સલ્યની ગંગા વહાવી બધાને સ્નેહથી ભીંજવ્યા - નવરાવ્યા.

દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગમાં એટલી પોચી જમીન જોવા મળે છે કે એમાં નાની કાંકરી પણ ગોતી ન મળે. તેમ દાદાના હૃદયમાં કોઈના ય પ્રત્યે કડવાશનું નામનિશાન ન મળે, નબળો ભાવ ન મળે. વૃદ્ધત્વ એમનો શણગાર બની રહ્યું. વાત્સલ્યના પ્રભાવે તેઓ અનેકના હૃદય સિંહાસન ઉપર સ્વયં વિરાજીને ચિરકાળ જયવંતા રહેશે.

— પ્રદ્યુમ્નસૂરિ

નટરાજ પ્રિન્ટર્સ, સૂરત. ફોન: ૭૪૨૮૮૯૧

પાઠશાળા પ્રકાશક : બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી, **રમેશ શાહ** (સંપાદક)
૭૦૩, નૂતન નિવાસ, ભટાર માર્ગ, સૂરત - ૩૯૫ ૦૦૧
**પુસ્તક : ૨૬** Phone : (0261) 3240733 e mail : mehul@worldgatein.com